ક્રમાંક : યોજના/ગુજકોસ્ટ/૨૩૩/૯૭૪
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
બહુમાળી ભવન, ભાવનગર.
તા. ૦૮/૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્ય શ્રી,
શહેર તથા જીલ્લાની માધ્યમિક ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ, ભાવનગર જીલ્લો.

વિષય : જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૯ માં ભાગ લેવા બાબત.

સંદર્ભ : ૧. Advisor, GUJCOST (Dept. of S &T, Govt. of Gujarat GUJCOST/NSS/2019-20/1412 Dt. 1st June, 2019

૨. ચેરમેન શ્રી, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર KRCSC/2018-19/DLP/July-2019/024 Dt:8th July, 2019

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (Dept. of Science & Technology, Govt. of Gujarat), ગાંધીનગર દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવા પ્રતિ વર્ષ જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાએ નેશનલ સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવે છે. ભાવનગર જીલ્લા કક્ષાએ નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૧૯નું આયોજન GUJCOST દ્વારા માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આગામી ઓગસ્ટ-૨૦૧૯ મહિનામાં થનાર છે.

**સેમીનારનો વિષય :** આવર્ત કોષ્ટકના રાસાયણિક તત્વોની માનવ કલ્યાણ પર અસર

**Periodic Table of Chemical Elements: Impact on Human Welfare** रासायनिक तत्वों की आवर्त सारणी :मानव कल्याण पर प्रभाव

**ભાષા :** ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી

**સમય મર્યાદા :** સ્પર્ધકે પોતાના વિષયની રજૂઆત વધુ માં વધુ ૬ (છ) મિનીટ સુધીમાં કરવાની રહેશે. ત્યારબાદ નિર્ણાયકો દ્વારા ૩ **પ્રશ્નો** પૂછવામાં આવશે. જેમાં વિદ્યાર્થીએ ૨ મિનીટમાં **પ્રશ્નો**ના જવાબ આપવાના રહેશે.

**ગુણાંકન પદ્ધતિ :**

| | | | |
|---|---|---|---|
| ૧) રજૂઆતમાં વૈજ્ઞાનિક વિષયાર્થ - | ૪૦ ગુણ | ૨) બોલવાની છટા (વાક્ચાતુર્ય) - | ૨૫ ગુણ |
| ૩) લેખિત પ્રશ્નોત્તરી – | ૧૦ ગુણ | ૪) મૌખિક પ્રશ્નોત્તરી - | ૧૦ ગુણ |
| ૫) રજૂઆતમાં જોવા મળેલી નવીનતા - | ૧૫ ગુણ | | કુલ = ૧૦૦ ગુણ |

**રજૂઆત અંગેની સ્પષ્ટતા :**
૧) સેમીનારમાં આપની શાળામાંથી ધોરણ ૯ કે ૧૦ માંથી એક (૧) વિદ્યાર્થી ભાગ લઇ શકશે.
૨) વિદ્યાર્થીએ પોતાની રજૂઆત સ્વતંત્ર રીતે કરવાની રહેશે.
૩) રજૂઆત દરમ્યાન શિક્ષક અથવા વિદ્યાર્થી મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકશે નહિ, નિયમનું ઉલ્લંઘન કરતા જણાશે તો તેને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.

**દ્રશ્ય સાધનની વિગતો :**
૧) ચાર્ટ/નકશા સ્લાઈડ 850 MM × 600 MM દીવાલ પર લગાવી શકાય તેવું હોવું જોઈએ.
૨) PPT (MS OFFICE – 07 and up)ની વધુમાં વધુ પાંચ સ્લાઈડ રાખી શકાશે. સ્લાઈડમાં એનીમેશનની પરવાનગી નથી. (FONT સાથે લાવવા ફરજીયાત છે.) ૩) વિડીયો / ચલચિત્રોને પરવાનગી નથી.

**નોંધણી :** સાયન્સ સેમીનારમાં ભાગ લેવા ઈચ્છતી શાળાએ **QR Code,** http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=82, Email : krcscbvn@gmail.com અથવા WhatsApp **(88 66 570 111)** પર તા.૨૫.૦૭.૨૦૧૯ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર રજીસ્ટ્રેશન કરાવી લેવું ફરજીયાત છે.

**નોંધ :** શાળાની નોંધણી થયા બાદ સેમીનારની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણકારી શાળામાં ફોન, ઈ-મેઈલ અથવા WhatsApp દ્વારા કરવામાં આવશે.

- જીલ્લાની ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીને આવવા જવાનું બસ ભાડું ચુકવવામાં આવશે.
- **ATL** શાળાઓએ ફરજીયાત ભાગ લઈને પોતાના વાર્ષિક રીપોર્ટમાં જાણવાનું રહેશે.
- આ સેમિનારમાં જીલ્લાની તમામા શાળાને ફરજીયાત ભાગ લેવા અનુરોધ.

જીલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર.

Scanned by CamScanner

ક્રમાંક : યોજના-૨૦૧૯/ગુજકોસ્ટ/૨૩૩/૭૭૫
જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બહુમાળી ભવન, ભાવનગર.
તા. ૦૮ ૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્ય શ્રી,
જીલ્લાની માધ્યમિક ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ, ભાવનગર જીલ્લો.

વિષય : જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ – ૨૦૧૯ ભાગ લેવા બાબત (ફક્ત ગ્રામ્ય વિસ્તારની શાળાઓ જ).

સંદર્ભ : ચેરમેન શ્રી, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર **KRCSC/2018-19/DLP/July-2019/024 Dt:8th July, 2019**

ભારત દેશના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષયના જ્ઞાનને બહાર લાવવાના હેતુથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિજ્ઞાન વિભાગ, કર્ણાટકના સંયુક્ત ઉપક્રમે દેશભરના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝનું વિવિધ સ્તરે આયોજન કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(Dept. of Science & Technology, Govt. of Gujarat)**, ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. જેના ભાગ રૂપે જીલ્લા કક્ષાએ GUJCOST દ્વારા અધિકૃત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ. ટી. ક્વીઝ – ૨૦૧૯નું આયોજન આગામી ઓગસ્ટ -૨૦૧૯ માં થનાર છે.

આ સ્પર્ધામાં ફક્ત ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ જ ભાગ લઇ શકશે. જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શાળા દીઠ વધુમાં વધુ ૦૧ ટીમ (૦૧ ટીમ માં ૨ વિદ્યાર્થીઓ) ભાગ લઇ શકશે.

**સ્પર્ધાની માહિતી:**

- આ સ્પર્ધામાં કોમ્પ્યુટર, નવી ટેકનોલોજી, મોબાઈલ એપ્લીકેશન, I.T. વગેરે ક્ષેત્રના પ્રશ્નો રહેશે.
- આ સ્પર્ધા ૩/૪ રાઉન્ડમાં યોજવામાં આવશે. પ્રથમ રાઉન્ડ (એલિમિનેશન)માં ૩૦ પ્રશ્નો OMR અને ૧૦ પ્રશ્નોના જવાબ લખવાના રહેશે. બીજો, ત્રીજો રાઉન્ડ ઓડિયો- વિઝ્યુલ રહેશે.
- છેલ્લા રાઉન્ડમાંથી પસંદગી પામેલ કુલ ૧૦ ટીમો રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- નેશનલ રૂરલ આઈ.ટી ક્વીઝ– ૨૦૧૯ માં પ્રશ્નોની ભાષા તમામ સ્તરે ઈંગ્લીશ રહેશે.

ઉપરોક્ત રૂરલ આઈ.ટી ક્વીઝમાં ભાગ લેવા ઈચ્છતી શાળાએ **OR Code,** http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=83, ઈ–મેઈલ **(krcscbvn@gmail.com)** અથવા **WhatsApp (88 66 570 111)** પર તા.૨૫.૦૭.૨૦૧૯ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લેવું ફરજીયાત છે.

**નોંધ :** લોક વિજ્ઞાન કેન્દ્ર પર આપની શાળાની નોંધણી થયા બાદ રૂરલ આઈ.ટી ક્વીઝની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણકારી શાળામાં પરિપત્ર, ફોન, ઈ–મેઈલ અથવા WhatsApp દ્વારા કરવામાં આવશે.

- ભાગ લેનાર શાળાઓના વિદ્યાર્થીઓને આવવા જવાનું બસ ભાડું ચુકવવામાં આવશે.
- ઉપરોક્ત સ્પર્ધામાં ફરજીયાત ભાગલેવા વિનંતી.

જીલ્લા શિક્ષણાધિકારી,
ભાવનગર.

Scanned by CamScanner

ક્રમાંક : યોજના/ગુજકોસ્ટ/૨૩૩/૨૭૬
જીલ્લા શિક્ષણાધિકારીકચેરી,
બહુમાળી ભવન, ભાવનગર.
તા. ૦૮-૦૮-૨૦૧૮

પ્રતિ,
આચાર્ય શ્રી,
સરકારી / અનુદાનિત / ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જી. ભાવનગર.

**વિષય : રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (NCSC) ૨૦૧૯ની તાલીમ કાર્યશાળામાં હાજર રહેવા બાબત.**

સંદર્ભ : ૧. સંયુક્ત શિક્ષણ નિયામક માધ્યમિક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ક્રમાંક : માધ્ય/પરચ/૨૦૧૯-૨૦/૧૮૪૭૬ – ૫૧૦ તા.૦૨-૦૭-૨૦૧૯

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચી કેળવાય તેવા હેતુથી છેલ્લા ૨૫ વર્ષથી કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને NCSTC નેટવર્ક દ્વારા 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વય જૂથના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માટે **'સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ'** મુખ્ય વિષય અને નીચે દર્શાવેલ ૫ પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે.

પેટા વિષયો : ૧. ઇકો સીસ્ટમ અને ઇકો સીસ્ટમ સેવા
૨. આરોગ્ય, સ્વાસ્થ્ય શાસ્ત્ર અને સ્વચ્છતા
૩. કચરામાંથી કંચન : વેસ્ટ ટુ વેલ્થ
૪. સમાજ, સંસ્કૃતિ અને આજીવિકા
૫. પરંપરાગત જ્ઞાન પ્રણાલી

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગુજરાત સરકાર દ્વારા વધુમાં વધુ શાળાઓના વિદ્યાર્થીઓને જોડવા જણાવ્યું છે. રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (Dept. of Science & Technology, Govt. of Gujarat) ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાનું સંકલન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે.

જેના અનુસંધાને જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંગેની **શિક્ષક કાર્યશાળા**નું આયોજન થનાર છે. આ તાલીમમાં આપની શાળામાં સંશોધનમાં રસ ધરાવતા કોઈ પણ વિષયના એક શિક્ષકે ફરજીયાત હાજર રહી તાલીમ લેવાની રહેશે. ATL શાળાઓ ફરજીયાત રહેશે.

કાર્યશાળામાં આપની શાળાની નોંધણી માટે **QR Code,** http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=84, ઈ–મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (88 66 570 111) પર તા. ૨૩/૦૮/૨૦૧૯ સુધીમાં) નોંધણી કરાવી લેવા અનુરોધ.

લોક વિજ્ઞાન કેન્દ્ર પર આપની શાળાની નોંધણી થયા બાદ કાર્યશાળાની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણકારી શાળામાં પરિપત્ર, ફોન, ઈ–મેઈલ અથવા WhatsApp દ્વારા કરવામાં આવશે.

જીલ્લા શિક્ષણાધિકારી શ્રી,
ભાવનગર.

Scanned by CamScanner

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone :** 0278-2570111 **WhatsApp :** 8866570111 **Email :** krcscbvn@gmail.com **Website :** www.krcscbhavnagar.org


KRCSC/DLP/2019-20/July-2019/024

Date: 8th July, 2019

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારી શ્રી,
બહુમાળી ભવન, ભાવનગર.

વિષય : આપની કચેરી દ્વારા જીલ્લા કક્ષાની સ્પર્ધાઓ માટે પરિપત્રો દ્વારા જીલ્લાની શાળાઓને જાણ કરવા બાબત.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી **(Dept. of Science & Technology, Govt. of Gujarat)**, ગાંધીનગર દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવા પ્રતિ વર્ષ જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવે છે. જેનું ભાવનગર જીલ્લામાં GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંકલન કરવામાં આવે છે.

જેના ભાગ રૂપે વર્ષે ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબના જીલ્લા કક્ષાના કાર્યક્રમો યોજાશે.

૧. રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (NCSC) – શિક્ષક તાલીમ કાર્યશાળા
૨. નેશનલ સાયન્સ સેમીનાર - ૨૦૧૯
૩. નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ – ૨૦૧૯ (ફક્ત ગ્રામ્ય વિસ્તાર માટે જ)

ઉપરોક્ત કાર્યક્રમને વધુમાં વધુ શાળાઓ સુધી પહોચાડવાના હેતુથી ગુજરાત માધ્યમિક શિક્ષણ નિયામક શ્રી અને. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના સલાહકાર શ્રી ના પરિપત્રોના સંદર્ભથી શાળાઓને જાણ કરતા પરિપત્રો આપની વડી કચેરીથી કરી આપવા વિનંતી.

આપની કચેરી પાસે રહેલ શાળાની વિગતો (શાળાનું નામ, સરનામું, સંપર્ક નંબર, ઈ-મેઈલ વગેરે) અમોને આપવા વિનંતી. જેના થકી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમ્યાન શાળા કક્ષાએ વિવિધ ૩૭ થી વધારે કાર્યક્રમો નિ:શુલ્ક કરવામાં આવે છે. આ કાર્યક્રમોનો જીલ્લાની તમામ શાળાઓ વધુમાં વધુ લાભ લેવા માટે આપના દ્વારા જાણ કરવા વિનંતી.

આભાર સહ,
આપનો જ,

(સહી)

(ડૉ. ભાવેશ ભરાડ)
ચેરમેન,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર * ભાવનગર * KRCSC

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. ૭૭૬૬3
તારીખ : ૮-19
શાખા : .....

233




follow us on KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar

Scanned by CamScanner

ક્રમાંક : માધ્ય/પરચ/૨૦૧૯-૨૦/ 18476-570
કમિશનર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: 02/07/2019

વંચાણે લીધા :-

૧. સલાહકાર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી તા. ૦૧/૦૭/૨૦૧૯નો પત્ર.

પરિપત્ર:-

સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એન.સી.એસ.ટી.સી દ્વારા યોજવામાં આવે છે. આ રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ કાર્યક્રમ ૧૯૯૩ થી અમલમાં છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગરએ ગુજરાત રાજયનું કોર્ડિનેટર છે વર્ષ ૨૦૧૯નો વિષય: સ્વચ્છ, હરિયાળા અને તંદુરસ્ત રાષ્ટ્ર માટે વિજ્ઞાન, તકનિકી અને નાવિન્યકરણ છે. અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિધાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજ્યની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિંનતી છે.

૧. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું અને ટી.એ (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
૩. રાજય કક્ષામાંથી પસંદ થયેલ વિધાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જશે અને તેનો ખર્ચ યજમાન રાજ્ય ભોગવશે.
૪. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વિધાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.તે માટે શાળાના ઉત્સાહી , શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનુ વાતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

No. 1088
2 JUL 2019

(શ્રી એચ. એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ જીલ્લા

નકલ રવાના જાણ સારૂ :-સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન.સેકટર-૧૧, ગાંધીનગર

Scanned by CamScanner

# GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY

Department of Science & Technology, Government of Gujarat
Block : B, 7th Floor, M. S. Building, Nr. Pathikashram, Sector-11,
Gandhinagar, Gujarat - 382011.
Phone : (079) 23259362-65 Fax : (079) 23259363
E-mail : info-gujcost@gujarat.gov.in
URL : www.gujcost.gujarat.gov.in

सत्यमेव जयते

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY * GOVERNMENT OF GUJARAT *

**Dr. Narottam Sahoo**
Advisor and Member Secretary


No: GUJCOST/NSS/2019-20/1412

1st July, 2019

To
**The CSC Coordinator**
Community Science Centre

Sub: Organizing National Level Science Seminar 2019

Dear Sir / Madam

Greetings from Gujarat Council on Science & Technology (GUJCOST), Gandhinagar.

As you know that every year, GUJCOST coordinate and organize the National Science Seminar for school students in Gujarat on a specific theme and topic. For the current academic year 2019-20, the programme has been announced by the NCSM. The topic for the National Science Seminar is "**Periodic Table of Chemical Elements: Impact on Human Welfare"**

Each School in Science Club will participate at District Level. A brief about the program and draft schedule is enclosed herewith for kind perusal.

| **Important Dates** | | |
|---|---|---|
| District Level | All District | July-August, 2019 |
| State Level | Gandhinagar / Ahmedabad | September, 2019 |

You are requested to circulate among the GUJCOST Science Club School as well as other school in your district and to conduct the District Level Competition in July-August, 2019. The state level programme will be held at Gandhinagar / Ahmedabad on September, 2019.

The Two winners from each District will participate in State Level Science Seminar and **only one winner from Gujarat State is eligible for National Level Competition**, which will be held at Regional Science Centre, Guwahati on 6th November, 2019 (Wednesday).

The detail guideline is enclosed herewith.

We look forward to your kind support and coordination in the above.

Thanking you and with kind regards

Yours sincerely,

(Narottam Sahoo)

Encl.: As above

Scanned by CamScanner